**BY Mail**

ક્રમાંક- ઘ/માધ્ય/ઘ.૧/૨૦૧૯/ ૩૨૫૬૦-૬૦
કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગુ.રા.ગાંધીનગર
તા. /૧૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

વિષય:- સ્વનિર્ભર(નોન-ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેના ધોરણો નિયત કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:- બમશ/૧૦૧૧/૩૭/(પા.ફા.-૧)/ગ તા. ૧૩/૧૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ દ્વારા સ્વનિર્ભર (નોન-ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેના ધોરણો તા. ૧૩/૧૧/૨૦૧૯ ના ઠરાવથી નિયત કરેલ છે. જે ઠરાવની નકલ આ સાથે સામેલ છે. જેની વિગતવાર જાણ આપના તાબા હેઠળની સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ)શાળાઓને કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્ય, ગુ.રા.ગાંધીનગર

બિડાણ:- સંદર્ભ દર્શિત ઠરાવની નકલ

સવિનય નકલ રવાના જાણ સારૂ:-

- પ્રતિ, નાયબ સચિવશ્રી(માધ્યમિક), શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

સ્વનિર્ભર (નોન-ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેના ધોરણો નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૧/૩૭(પા.ફા-૧)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૩/૧૧/૨૦૧૯

**વંચાણે લીધા:**

**૧.** શિક્ષણ વિભાગના તા.૧૫/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૧/૩૭(પા.ફા-૧)/ગ.

**આમુખ:-**

રાજ્યમાં ચાલતી અનુદાન વગરની સ્વનિર્ભર (નોન-ગ્રાન્ટેડ) શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા, શાળાના શૈક્ષણિક સ્ટાફની લાયકાત અને શૈક્ષણિક તથા ઈતર પ્રવૃત્તિઓ માટેની સુવિધામાં વધારો થાય અને એકંદરે શિક્ષણના સ્તરમાં સુધારો થાય તે હેતુથી સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવાની યોજના અમલમાં આવેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧)ના તા.૧૫/૦૩/૨૦૧૬ના ઠરાવથી સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગેના ધોરણો નિયત કરવામાં આવેલ છે. સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય આપવાની નીતિમાં વહીવટી સરળતા આવે તથા યોજનાનો અસરકારક રીતે અમલ થઈ શકે તે હેતુથી યોજનામાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧)ના તા.૧૫/૦૩/૨૦૧૬ના ઠરાવથી પ્રોત્સાહક આર્થિક સહાય આપવા અંગે નિયત કરવામાં આવેલ ધોરણોમાં પુન:વિચારણા કરીને નીચે જણાવ્યા મુજબ પ્રોત્સાહક આર્થિક સહાય આપવાના ધોરણો આથી નિયત કરવામાં આવે છે:-

**૧.લાભાર્થી શાળાઓ:-**

આ યોજના ધોરણ-૯ તથા ધોરણ-૧૦ ના વર્ગો ધરાવતી બિન સરકારી સ્વનિર્ભર(નોન-ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓને લાગુ પડશે.

**(૧.૨) આર્થિક સહાયનું પ્રમાણ:-**

આ યોજના અંતર્ગત શાળાના પાછલા શૈક્ષણિક વર્ષના ધોરણ-૧૦ના પરિણામના આધારે લાયક ઠરેલ શાળાના ધોરણ-૯ના કૂલ વિદ્યાર્થીઓને ધોરણ-૯ પ્રથમ વર્ષ માટે અને બીજા વર્ષે ધોરણ-૧૦ માટે વિદ્યાર્થી દીઠ રૂ.૭૫૦૦/-(સાત હજાર પાંચસો પૂરા) લેખે પ્રોત્સાહક આર્થિક સહાય આ ઠરાવની શરતોને આધીન મળવાપાત્ર થશે.



Scanned by CamScanner

(૧.૩) પ્રોત્સાહક આર્થિક સહાય મેળવવા પાત્ર શાળાઓ માટે સૂચિત કેટેગરી અને લાયકાતના ન્યૂનતમ પાસ પર્સન્ટેજની વિગત:-

| ક્રમ | સ્વનિર્ભર માધ્યમિક શાળાઓની કેટેગરી | લાયકાતના ન્યુનતમ પાસ પર્સન્ટેજની વિગત |
|---|---|---|
| ૧ | આદિજાતિ વિસ્તાર | ૫૫% |
| ૨ | બિન આદિજાતિ વિસ્તાર<br>➢ માત્ર કન્યા શાળાઓ<br>➢ અ.જા./અ.જ.જા./સા.શૈ.પ.વર્ગની વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦% કે તેથી વધુ અથવા આ ત્રણ કેટેગરીની સંયુક્ત રીતે વિદ્યાર્થી સંખ્યા ૬૦% કે તેથી વધુ હોય તેવી શાળાઓ<br>➢ શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલુકાઓ (E.B.B. તાલુકાઓ) | ૬૦% |
| ૩ | અન્ય શાળાઓ | ૭૫% |

આ સુધારેલ યોજના વર્ષ ૨૦૧૯-૨૦ થી અમલમાં આવેલી ગણાશે. ચાલુ વર્ષે ધોરણ-૧૦ની પરીક્ષાના પરિણામ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ-૨૦૧૯માં લેવાયેલ પરીક્ષાને આધાર વર્ષ ગણવાનું રહેશે.

આ યોજના સતત રીતે ચાલુ રહેતી યોજના (Rolling Scheme) તરીકે અમલમાં રહેશે. આ યોજનામાં એક વખત પસંદગી પાત્ર ઠરેલ શાળાને યોજના હેઠળ મળવાપાત્ર લાભ ઓછામાં ઓછા બે વર્ષ સુધી મળવાપાત્ર રહેશે. ત્યારબાદ જે તે શાળા ઉપર મુજબ જણાવેલ પાસ- પર્સન્ટેજ જાળવી રાખવામાં સફળ રહે તેવી શાળાઓને આ યોજનાનો લાભ અન્ય શરતો સંતોષાતી હોય તો જ, તે અંગેનું સોગંદનામું મેળવીને આ યોજનાની સહાય ચાલુ રાખવાની રહેશે. આ સંજોગોમાં પાત્રતા મેળવવામા સફળ થયેલી શાળાએ નવેસરથી અરજી કરવાની રહેશે નહીં પરંતુ નિયત સોગંદનામુ કરવાનું રહેશે.

આ અંગે આગળના વર્ષની સહાય મેળવવા પાત્ર ઠરેલ શાળાઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને (જે શાળા સતત નિયત કરેલ ટકાવારીનું ધોરણ જાળવી રાખેલ હશે તેવી શાળાઓ) તેમજ અરજી કરતી નવી શાળાઓની સંખ્યા એમ બન્નેના આધારે કમિશનરશ્રી, શાળાઓએ આગામી બજેટમાં જરૂરી નાણાકીય જોગવાઇ કરાવવાની રહેશે.

**(૧.૪) પ્રોત્સાહક આર્થિક સહાયની રકમની ચૂકવણી:-**

(૧) પ્રથમ વર્ષે પ્રોત્સાહક આર્થિક સહાય માત્ર ધોરણ-૯ માટે આપવામાં આવશે.

(૨) પ્રથમ વર્ષે મળવાપાત્ર પ્રોત્સાહક આર્થિક સહાય પૈકીની રૂ.૬૦૦૦/-સહાય જુલાઇ માસમાં અને રૂ.૧૫૦૦/- ની સહાય ડિસેમ્બર માસમાં આપવાની રહેશે.

(૩) દ્વિતીય વર્ષે લાભાર્થી શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય ધોરણ ૧૦ (આગલા વર્ષના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ) માટે આપવામાં આવશે.

Scanned by CamScanner

(૪) બીજા વર્ષે ધોરણ-૯ માં દાખલ થયેલાં નવા વિદ્યાર્થીઓને જો શાળાએ તુરત જ આગળનાં વર્ષની ધોરણ-૧૦ના પરિણામની નિયત ટકાવારી જે તે કેટેગરીમાં જાળવેલ હશે તો જ આર્થિક સહાય આપવામાં આવશે. પરંતુ, જો શાળાએ તુરત જ આગળનાં વર્ષનું ધોરની-૧૦ના પરિણામની નિયત ટકાવારી જાળવી નહીં હોય તો તે સંજોગોમાં આ શાળાને તે વર્ષે માત્ર ધોરણ-૧૦માં પ્રવેશ પામેલ વિદ્યાર્થી દીઠ આર્થિક સહાય મેળવવા પાત્ર રહેશે.

(૫) દ્વિતીય વર્ષે આર્થિક સહાય પૈકીની રૂ.૬૦૦૦/- સહાય જુલાઇ માસમાં અને રૂ.૧૫૦૦/- ની સહાય ડિસેમ્બર માસમાં આપવાની રહેશે.

## ૨. પસંદગીના ધોરણો:

(૧) આ પ્રોત્સાહક યોજના વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષથી અમલમાં આવેલી ગણાશે. પરંતુ આ યોજનાના સુધારાઓ વર્ષ ૨૦૧૯-૨૦ થી લાગુ પડશે.

(૨) આ યોજના અંતર્ગત ધોરણ -૧૦ના પાછલા વર્ષના પરિણામના આધારે પાત્ર ઠરેલ શાળામાં ધોરણ- ૯ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી દીઠ નિયત પ્રોત્સાહક આર્થિક સહાય મળવાપાત્ર થશે. આ ધોરણ -૯ ના વિદ્યાર્થી પૈકીનાં જેટલા વિદ્યાર્થીઓ પછીના વર્ષે ધોરણ -૧૦ માં પ્રવેશે તેટલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક આર્થિક સહાય મળશે.

(૩) પાત્ર થયેલી શાળાએ યોજનાનો લાભ સતત મેળવવા માટે જે તે કેટેગરીમાં પાત્રતા મેળવેલી હશે તે કેટેગરીની જ ન્યુનતમ પારીંગ ટકાવારીનું ધોરણ જાળવી રાખવાનું રહેશે.

(૪) આ યોજના હેઠળ સહાય મેળવતી શાળા કોઇપણ વર્ષે નિયત કરેલ ટકાવારીનું ધોરણ ગુમાવશે તો આ સહાય બંધ થશે.

(૫) પાત્રતા ગુમાવવાના કારણે યોજનામાંથી દૂર થયાં બાદ સતત બે વર્ષ બાદ આવી શાળા ધોરણ-૧૦નું પરિણામ નિયત કરેલ ટકાવારી પ્રમાણે પુનઃ પ્રાપ્ત કરે ત્યારે જ તે શાળા પ્રોત્સાહક આર્થિક યોજનાનો લાભ પુનઃ મેળવવા અરજી કરવાને પાત્ર થશે અને તે શાળા અન્ય શરતોને પણ સંતોષતી હશે તો જ પુનઃ આ યોજના અંતર્ગત આ આર્થિક સહાય મેળવવા પાત્ર બનશે.

(૬) નિયત ટકાવારીના ધોરણો પ્રમાણે સહાય મેળવવા પાત્ર શાળાઓ માટે પસંદગીના અન્ય ધોરણો/શરતો મુજબની પાત્રતા ધરાવતી હશે તો તે શાળાઓને આર્થિક સહાય મળવાપાત્ર થશે.

(૭) અગાઉની પાત્રતા ધરાવતી શાળાઓને આ ઠરાવથી નિયત કરેલ કેટેગરીમાં સમાવેશ કરવાનો રહેશે. (દા.ત. અગાઉ કોઇ શાળા આદિજાતિ વિસ્તારની કેટેગરી અંતર્ગત પાત્ર ઠરેલ હોય પરંતુ તે કેટેગરી આ ઠરાવથી નિયત થયેલ કેટેગરીમાં સમાવેશ થયેલ ન હોય તો આ ઠરાવથી નક્કી કરેલ કેટેગરીમાં પાત્ર ઠરે તો જ સહાય મળવાપાત્ર થશે.)

## ૩. આ યોજનામાં સારા પરિણામ લાવતી શાળા માટે વિશેષ પ્રોત્સાહન અંગેનું ધોરણ :-

(૧) આદિજાતી વિસ્તારની જે શાળા ૮૦% કે તેથી વધુ પરિણામ લાવે તો મળવાપાત્ર કુલ સહાયનાં ૧૦% વધારે સહાય મળવાપાત્ર થશે.

(૨) બિન આદીજાતિ વિસ્તારની શાળાને ૧૦૦% પરિણામ લાવે તો મળવાપાત્ર કુલ સહાયના ૧૦% વધારે સહાય મળવાપાત્ર થશે.

Scanned by CamScanner

૪. **પ્રસ્તુત યોજનાનો લાભ આપવા માટે નીચેની શરતો પણ લાગુ પાડવાની રહેશે.**

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા મળ્યા બાદ માધ્યમિક શાળા ઓછામાં ઓછા પાંચ વર્ષથી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિયત કરેલ ધોરણો મુજબ ચાલતી હોવી જોઈશે.

(૨) સ્વનિર્ભર શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો મુજબ વિષયવાર શિક્ષકોની નિમણૂંક કરવાની રહેશે અને શાળામાં નિયત આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોવી જોઈએ.

(3) પ્રોત્સાહક આર્થિક સહાય માટે મંજૂર થયેલ શાળાના માધ્યમિક વિભાગના જે તે ધોરણના બધા વર્ગો આ યોજનામાં આવરી લેવાશે. જેમ કે ચાલુ શાળામાં હાલ ધો.૯ના ત્રણ વર્ગ ચાલતા હોય તો શાળાની આ યોજનામાં પસંદગી થયે ત્રણેય વર્ગોને મળવાપાત્ર થશે.

(૪) રાજ્ય સરકાર દ્વારા નિયત કરેલ ધોરણો મુજબની વિદ્યાર્થી સંખ્યા મુજબના વર્ગો ચલાવવાના રહેશે.

(૫) આ યોજના હેઠળ પ્રોત્સાહક આર્થિક સહાય મેળવતી શાળામા આ યોજના નો લાભ ચાલુ રહે ત્યાં સુધી આર્થિક સહાય વગરના સ્વનિર્ભર માધ્યમિક શાળાનાં વર્ગો બંધ કરવાના રહેશે. આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે તે અંગેની તકેદારી રાખવાની રહેશે અને આ રીતે સહાય મેળવતી શાળાઓની યાદી કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને મોકલી આપવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ પ્રોત્સાહક સહાય મેળવવા ઇચ્છતી શાળાઓ તરફથી કમિશનરશ્રી, શાળાઓની કચેરીને ધોરણ ૧૦-ના પરિણામ પ્રસિધ્ધ થયેથી દિન-૪૫માં નિયત નમૂનામાં અને નિયત પધ્ધતિ પ્રમાણે અરજી કરવાની રહેશે. નિયત સમયમાં મળેલ અરજીઓના આધારે કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ પાત્ર શાળાઓની આખરી યાદી તૈયાર કરી તે અંગેના હૂકમો કરવાના રહેશે.

(૭) શાળાઓની પસંદગી માટે શાળાનું ધોરણ – ૧૦નું પરિણામ ધ્યાનમાં લેવામાં આવશે અને તેના આધારે નવી શાળાઓની પસંદગી અને મંજુરી માટેની નિયત પ્રક્રિયા અપનાવવાની રહેશે.

(૮) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે શાળા કોઇ પ્રવેશ પરીક્ષા રાખી શકશે નહીં, શાળા દ્વારા કોઇ વિદ્યાર્થીને યોગ્ય કારણ સિવાય પ્રવેશ આપવાનો ઇન્કાર કરેલ હોવાના સંજોગોમાં જિલ્લા શિક્ષણાધિકારી તે વિદ્યાર્થીને પ્રવેશ આપવા જણાવે તો તે શાળાએ પ્રવેશ આપવાનો રહેશે. પ્રવેશ માટે શાળા વિદ્યાર્થી પાસેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિયત કરેલ પ્રમાણપત્ર/ પ્રમાણપત્રો જ મેળવશે.

(૯) આ સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ નીચે મુજબ નિયત કરેલ ધોરણે ફી લઇ શકશે.

| ક્રમ | ધોરણ | સત્રદીઠ ફી | પ્રવેશ ફી |
|---|---|---|---|
| ૧. | ૯ | રૂ. ૧૦૦/- | રૂ.૧૦૦/- |
| ૨. | ૧૦ | રૂ. ૧૦૦/- | રૂ.૧૦૦/- |



Scanned by CamScanner

આ સિવાયની અન્ય કોઇ પણ પ્રકારની ફી કે ડિપોઝીટ પેટે કે ડેવલોપમેન્ટ ચાર્જ કે અન્ય રીતે કોઇ પણ પ્રકારની રકમ વિદ્યાર્થી પાસેથી લઇ શકશે નહી.

(૧૦) આ ઠરાવથી નિયત કરેલ શરતો અને પરિશિષ્ટ -૧ હેઠળની શરતો પૈકીની કોઇપણ શરતનો ભંગ કરશે તો તેવી શરતભંગ કરતી શાળાને આપવામાં આવેલી આર્થિક સહાય સંપૂર્ણપણે પરત વસૂલવાની રહેશે. સાથોસાથ, આ યોજનામાંથી પાંચ વર્ષ સુધી દૂર કરવામાં આવશે.

**૫. પ્રોત્સાહક આર્થિક સહાયની યોજના માટેની અન્ય શરતો.**

(૧) આ યોજના હેઠળ આર્થિક સહાય મેળવતી શાળાઓ કોઈ પણ સેલ્ફ ફાયનાન્સ વર્ગો પ્રાઈવેટ ટ્યુશન કે પ્રતિભાલક્ષી પ્રાઈવેટ કોર્સ કે જેમાં ફી લેવામાં આવતી હોય તેવી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિઓ કરી શકશે નહિ. યોજનામાં સામેલ થતા પહેલાં તેમણે આ અંગે બાંહેધરી આપવી પડશે. આ શરત રાજ્ય સરકારની ગુજરાત નોલેજ સોસાયટી કે સ્કોપ સંસ્થા તરફથી ચલાવવામાં આવતા કોર્ષો પુરતી લાગુ પડશે નહિ.

(૨) આ યોજના હેઠળ આવરી લેવામાં આવતાં વિદ્યાર્થીઓની આધારકાર્ડ સાથેની સંપૂર્ણ વિગતો જે તે શૈક્ષણિક વર્ષના સપ્ટેમ્બર માસ સુધીમાં શાળાઓએ, કમિશનરશ્રી, શાળાઓની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની રહેશે.

(૩) શાળામાં વિદ્યાર્થીઓની હાજરી અંગે કમિશનરશ્રી, શાળાઓની કચેરીના પરામર્શમાં સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી દ્વારા સતત અને સમયાંતરે ખરાઇ કરવાની રહેશે.

(૪) શાળાના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ ઉપર જે તે શાળાના સંચાલક મંડળનું નિયંત્રણ રહેશે અને સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના કર્મચારીઓને મળતા પગાર સહિતના કોઈપણ નાણાકીય કે અન્ય લાભ મેળવવા તેઓ હકદાર રહેશે નહિ. આ અંગેના કોઈપણ કોર્ટ કેસમાં રાજ્ય સરકારને પક્ષકાર બનાવી શકશે નહિ.

(૫) શાળાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા અન્ય ભૌતિક સુવિધાઓ વગેરેની સંપૂર્ણ જવાબદારી શાળા સંચાલક મંડળની રહેશે. તે માટે સરકાર દ્વારા અન્ય કોઈ પણ યોજના વિકેન્દ્રિત ફંડમાંથી સહાય મળવાપાત્ર થશે નહિ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૪ હેઠળના વિનિયમો તેમજ વખતો વખત થયેલ સુધારાઓ મુજબની માળખાગત સુવિધાઓ તથા ભૌતિક સુવિધાઓ વગેરેની જવાબદારી સંપૂર્ણપણે શાળા સંચાલક મંડળની રહેશે.

(૬) પ્રસ્તુત યોજના હેઠળની સરકારશ્રી દ્વારા અપાતી સહાયના ધોરણો,સંસ્થાની પાત્રતાના ધોરણો વગેરે સરકારશ્રી દ્વારા વખતોવખત કરાતાં સુધારાને આધીન રહેશે.

**૬.યોજનાની અમલવારી :-**

આ યોજનાના અમલીકરણનું વર્ષ ૨૦૧૫-૧૬ થી ગણવાનું રહેશે પણ આ ઠરાવથી કરેલ તમામ જોગવાઇઓ વર્ષ ૨૦૧૯-૨૦ થી અમલમાં આવશે.

Scanned by CamScanner

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૩૦/૦૯/૨૦૧૯ અને સરકારશ્રીની તા.૨૨/૧૦/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસણ)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખયમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.(નિયામકશ્રી શાળાઓની કચેરી મારફતે)
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.(નિયામકશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner

તા. ૧૩/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૦૧૧/૩૭(પા.ફા-૧)/ગ સાથેનું બિડાણ

<u>પરિશિષ્ટ-૧</u>

## આદર્શ આચારસંહિતા

### (અ) આદર્શ આચારસંહિતા:-

(૧) વિદ્યાર્થીઓ પાસેથી શાળા દ્વારા લેવામાં આવેલ ફી ની પાકી પાવતી આપવાની રહેશે.

(૨) શાળાએ લીધેલ ફી મળેલ સહાય અને દાન સામે કરેલ ખર્ચનું દર વર્ષે ઓડીટ કરાવી હિસાબો પોતાની વેબસાઇટ તેમજ વિદ્યાર્થી તથા વાલીઓની જાણકારી માટે શાળાના નોટીસ બોર્ડ ઉપર દર વર્ષે જાહેર હિતાર્થે પ્રસિદ્ધ કરવાના રહેશે.

(૩) શાળાઓ પ્રવેશ વખતે કોઇ વાલી પાસે ડોનેશન અથવા કોઇપણ જાતની વિકાસ ફી માગી શકશે નહિ.

(૪) શાળા વિદ્યાર્થીઓના પ્રવેશ વખતે વિદ્યાર્થીઓ કે વાલીઓના મૌખિક ઈન્ટરવ્યુ લઇ શકશે નહિ.

(૫) શાળા એ વિદ્યાર્થીઓના પ્રવેશ વખતે પારદર્શક પ્રવેશ પદ્ધતિ અપનાવવાની રહેશે.

(૬) આ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અન્ય સ્કુલમાં પ્રવેશ લેવા ઈચ્છતા હોય ત્યારે તેમની ઈચ્છા વિરૂધ્ધ સર્ટીફીકેટ કે અન્ય દસ્તાવેજ રોકી શકાશે નહિ.

(૭) શાળામાં હાલના ફીના ધોરણની વિગત શાળાની માહિતી પુસ્તિકા (Prospectus) દ્વારા નવા પ્રવેશ મેળવતા વિદ્યાર્થી અને વાલીઓને આપવાની રહેશે અને તે માહિતી પ્રવેશની કાર્યવાહી વખતે વેબસાઇટ, નોટીસ બોર્ડ ઉપર મુકવાની રહેશે.

(૮) શાળાઓના શિક્ષકો- કર્મચારીઓ માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૨૦ અન્વયે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોવા જોઇએ.

(૯) શાળાએ મેળવેલ મંજૂરી/ માન્યતા વખતે નિયત ધોરણો નિયમોનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. તેમજ રાજય સરકાર કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વખતો વખત બાર પાડવામાં આવેલ ધોરણો/ નિયમો પણ બંધનકર્તા રહેશે.

(૧૦) શાળાઓમાં વિદ્યાર્થીઓને ચોકકસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ પોતાની સંસ્થા પાસેથી કોઇ ચોકકસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોક્કસ માર્કા કે કંપનીના ખરીદવા માટે આગ્રહ રાખી શકાશે નહિ કે ફરજ પાડી શકશે નહિ.

(૧૧) સ્વનિર્ભર શાળાઓએ મંજૂર થયેલા વર્ગોમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ નિયમો-૧૯૭૪ના વિનિયમની કલમ-(૧૩)(૩) પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

(૧૨) શાળાના સમય દરમિયાન અથવા ત્યાર બાદ શાળામાં કોચીંગ સેન્ટર ચલાવી શકાશે નહિ.

Scanned by CamScanner

**(બ) આદર્શ આચારસંહિતાના ભંગ બદલ કાર્યવાહી:-**

ઉપરોક્ત આચાર સંહિતાના ભંગ માટે માધ્યમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૭૨ અને માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ની આનુષાંગિક કલમ, વિનિયમનો ભંગ ગણી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

(૧) જે શાળા આદર્શ આચારસંહિતા ભંગ કરે તો તેની ફરીયાદ વિદ્યાર્થી/વાલીએ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીએ આવી ફરીયાદની કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને રાખીને ઉભયપક્ષે કારણદર્શક નોટીસ આપી સુનાવણી કરીને સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સાથે પોતાની ભલામણ સાથેનો અહેવાલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડને મોકલવાનો રહેશે.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના અહેવાલના આધારે નિયમોનો ભંગ કરવા બદલ શાળાને કારણદર્શક નોટીસ આપી યોગ્ય દંડ કરી શકશે.

(૩) જે શાળા આચારસંહિતાનો ભંગ કરવા બદલ જવાબદાર ઠરશે, તે શાળાને આ યોજના હેઠળ મળતી પ્રોત્સાહક આર્થિક સહાય બંધ કરવામાં આવશે અને/અથવા આપવામાં આવેલ સહાયની રકમની વસુલાત પણ કરી શકાશે. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીએ આ અંગેની કાર્યવાહી કરી તેની જાણ સરકારને કરવાની રહેશે.

(૪) શાળા સામે ગંભીર ફરીયાદ હશે અને તેમાં તથ્ય જણાશે તો તે શાળા સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ના ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો૧૯૭૪ના વિનિયમ-૧૨(ખ) તથા વિનિયમ-૯ મુજબ શાળાની માન્યતા રદ કરવા અંગેની કાર્યવાહી કરી શકશે.

Scanned by CamScanner